
જેનસેન હુઆંગ અને ઇન્ટેલિજન્સ ટ્રેપ

જ્યારે અસાધારણ બુદ્ધિ સૌથી મોટી કમજોરી બની જાય



માણસોની અસાધારણ બુદ્ધિને લઈને એક દિલચસ્પ વિડંબના છે. જે ગુણના આધારે કોઈ વ્યક્તિ શાનદાર સફળતા હાંસલ કરે છે, એ જ ગુણ અમુક પરિસ્થિતિઓમાં તેની સૌથી મોટી બૌદ્ધિક કમજોરીનું કારણ પણ બની જાય છે. ડેવિડ રોબ્સન નામના અમેરિકન વિજ્ઞાનલેખકનું પુસ્તક 'ધ ઇન્ટેલિજન્સ ટ્રેપ' (બૌદ્ધિક ફાંસલો) બુદ્ધિના આ વિરોધાભાસને ઉજાગર કરે છે. તેમાં લેખકે મનોવૈજ્ઞાનિક અભ્યાસો અને નિરીક્ષણોના આધારે એ સમજવાનો પ્રયાસ કર્યો છે કે કેવી રીતે વધુ પડતો આત્મવિશ્વાસ, પોતાની આવડત અંગેનો પૂર્વગ્રહ અને સફળતાનો નશો માણસને મૂર્ખામી કરવા તરફ લઈ જાય છે. મનોવિજ્ઞાનમાં તેને બ્લાઇન્ડ સ્પોટ કહે છે; એટલે કે મૂર્ખામી કરવાની પોતાની સંભાવના પ્રત્યેનું અજ્ઞાન. દરઅસલ, બુદ્ધિ અને વિવેક એક જ ચીજ નથી, જટિલ સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતા એ વાતની ગેરંટી નથી કે વ્યક્તિ પોતાની ભૂલોને ઓળખી શકે અથવા ભૂલો કરવાથી દૂર રહી શકે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની દુનિયામાં વિશ્વની અગ્રણી અમેરિકન ટેક્નોલોજી અને સેમિકન્ડક્ટર કંપની એનવિડિયાના સહસ્થાપક અને સીઈઓ જેનસેન હુઆંગ એક ચીની જાસૂસ મહિલાના ચક્કરમાં નોકરીમાંથી હાથ ધોઈ બેઠા, તે 'ઇન્ટેલિજન્સ ટ્રેપ'નું લેટેસ્ટ ઉદાહરણ છે.

'હનીટ્રેપ'ના આ કૌભાંડની અર્થવ્યવસ્થા પર એટલી મોટી અસર થવાની શક્યતા છે કે દુનિયાભરના લોકો એક સવાલ પૂછી રહ્યા છેઃ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની દુનિયામાં ક્રાંતિ લાવનારા અને દુનિયાના સૌથી સફળ અમીર માણસે આવી મૂર્ખામી કેવી રીતે કરી? એનો જવાબ એ ધારણામાં છે કે એક ક્ષેત્રમાં સૌથી સ્માર્ટ માણસ બીજા ક્ષેત્રમાં મૂર્ખ સાબિત થાય તેની પૂરી સંભાવના હોય છે.

એક સાધારણ સેમિકન્ડક્ટર કંપનીને વૈશ્વિક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્રાંતિની સૌથી પ્રભાવશાળી આગેવાન બનાવી દેવાની હુઆંગની અસાધારણ યાત્રા તેમની ટેક્નિકલ દૂરંદેશી, વ્યૂહાત્મક સમજ અને બૌદ્ધિક દૃઢતાનું પ્રમાણ છે. તેમની તેજ બુદ્ધિમત્તાએ તેમને આસપાસના લોકો કરતાં બહુ પહેલાં કમ્પ્યુટિંગ ટેક્નોલોજીની સંભાવનાઓથી વાકેફ કર્યા હતા. હુઆંગની જેમ આવનારા સમયને બહુ દૂરથી પારખનારા બહુ ઓછા લોકો છે. તેમની એ સફળતા સાથે તેમનામાં એ માન્યતા પણ પ્રબળ બનતી ગઈ કે તેમની બૌદ્ધિક ક્ષમતા અચૂક છે. જ્યારે કોઈ વ્યક્તિના નિર્ણયો સતત અસાધારણ પરિણામ આપવા લાગે, ત્યારે એ સફળતા ધીરે-ધીરે તેનામાં એવો આત્મવિશ્વાસ મજબૂત કરે છે કે તેની સૂઝ હંમેશાં સાચી જ હોય છે. પછી તેને પોતાના નિર્ણયો, વર્તન કે વિચારોમાં ભૂલ દેખાતી નથી. કોઈ તમને એવું પૂછે કે શાહરુખ ખાન અને વિરાટ કોહલી વચ્ચે ક્રિકેટ મેચ રમાય તો બંનેમાંથી કોણ જીતે? કોહલી, તમે વિના વિલંબે કહેશો. તમને જો એવું પૂછવામાં આવે કે ફિલ્મ નિર્માણ કરતી કંપનીને કોણ સારી રીતે ચલાવી શકે? તમે ત્યારે પણ વિના વિચાર્યે કહેશો કે શાહરુખ ખાન. હવે તમને એવું પૂછવામાં આવે કે વિરાટ કોહલી અને શાહરુખ ખાનમાંથી કોણ વધુ હોશિયાર છે? તો તમે એટલી સરળતાથી જવાબ નહીં આપી શકો, જેટલી સરળતાથી પહેલાં બે જવાબ આપ્યા હતા. તમે એવું ન કહી શકો કે શાહરુખ ખાન આટલા નંબરથી વિરાટ કરતાં વધુ હોશિયાર છે. હા, તમે એવું ચોક્કસ કહી શકો કે ક્રિકેટ મેચમાં વિરાટ શાહરુખ કરતાં આટલા માર્જિનથી જીતશે અથવા શાહરુખની ફિલ્મ આટલા કરોડની કમાણી કરશે. બુદ્ધિ સાપેક્ષ હોય છે. આલ્બર્ટ આઇન્સ્ટાઇને કહ્યું હતું કે, "દરેક જીવ જીનિયસ છે, પણ તમે માછલી ઝાડ પર ચઢી શકે છે કે નહીં તેની પરીક્ષા લો, તો તે આખી જિંદગી પોતાને સ્ટુપિડ માનશે." આઇન્સ્ટાઇનનું આ એક વાક્ય બુદ્ધિની સાપેક્ષતાને સમજવા માટે પૂરતું છે. કોઈ વ્યક્તિ કેટલી હોશિયાર છે તે નક્કી કરવા માટે આપણી પાસે કોઈ એક ચોક્કસ માપદંડ નથી.

તેનો અર્થ એ થયો કે આપણે એટલા સ્માર્ટ નથી હોતા, જેટલા પોતાને સમજતા હોઈએ છીએ અને

દરઅસલ, બુદ્ધિ અને વિવેક એક જ ચીજ નથી, જટિલ સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતા એ વાતની ગેરંટી નથી કે વ્યક્તિ પોતાની ભૂલોને ઓળખી શકે અથવા ભૂલો કરવાથી દૂર રહી શકે

એટલે જ આપણે એવી સ્ટુપિડ ભૂલો કરીએ છીએ કે લોકોને આશ્ચર્ય થાય કે આટલો હોશિયાર અને સફળ માણસ આવી ભૂલ કેવી રીતે કરી શકે? જેમ કે, અત્યંત સફળ ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચનને પોતાની બે મૂર્ખામી બદલ આજે પણ પસ્તાવો છે; એક, રાજકારણમાં જવાનો અને બીજું, એબીસીએલ કંપની મારફતે બિઝનેસમેન બનવાનો નિર્ણય. અમિતાભ મૂર્ખ નથી. તેઓ હોશિયાર અભિનેતા છે, છતાં તેમણે એ ભૂલો કરી હતી.

ફાયરવોલ
રાજ ગોસ્વામી

આને 'ઇન્ટેલિજન્સ ટ્રેપ' કહે છે- બૌદ્ધિક ફાંસલો. માણસને પોતાના ક્ષેત્રની સફળતાથી એટલો આત્મવિશ્વાસ આવી જાય છે કે તેની ભૂલો કરવાની સંભાવના પણ એટલી જ વધતી જાય છે. બુદ્ધિશાળી લોકો મૂર્ખામી કરે ત્યારે તે તેમની અજ્ઞાનતાને કારણે નહીં, પણ તેમની સફળતાને કારણે. તેઓ પોતાની જ બુદ્ધિથી એટલા અંજાઈ ગયા હોય છે કે તેમને પોતાની મૂર્ખામી દેખાતી બંધ થઈ જાય છે.

'ધ ઇન્ટેલિજન્સ ટ્રેપ' પુસ્તકમાં રોબ્સન લખે છે, "બુદ્ધિશાળી અને ભણેલા-ગણેલા લોકોની એક ખાસિયત એ હોય છે કે તેમનામાં ભૂલોમાંથી શીખવાની અથવા બીજાઓની સલાહ માનવાની વૃત્તિ ઓછી હોય છે. પરિણામે, તેમનાથી ભૂલ થાય ત્યારે તેઓ તાર્કિક દલીલો કરીને પોતાના વર્તનને ઉચિત ઠેરવવાનો પ્રયાસ કરે છે. એનો અર્થ એ થયો કે તેમની બુદ્ધિ તેમને વધુ ને વધુ જક્કી બનાવે છે. એમાં વધુ ખરાબ વાત એ છે કે તેમનામાં એટલા મોટા બ્લાઇન્ડ સ્પોટ હોય છે કે તેમને પોતાના જ તર્કની ત્રુટિ દેખાતી નથી."

મહાત્મા ગાંધીથી લઈને નરેન્દ્ર મોદી સુધીના અનેક રાજકારણીઓએ તેમની કારકિર્દીમાં એવા ઘણા નિર્ણયો કર્યા છે, જેને લોકોએ ભૂલ ગણાવ્યા છે. એટલા માટે જ રાજકારણીઓની બુદ્ધિશક્તિ કાયમ ટીકાઓનું પાત્ર બનતી રહે છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જ્યોર્જ બુશની તો ઇરાક યુદ્ધ અને તેના કેદીઓને લઈને એટલી ટીકા થઈ હતી કે તેમણે એકરાર કરવો પડ્યો હતો કે તેમનાથી ભૂલ થઈ હતી. કદાચ હુઆંગની કહાનીનું સૌથી દિલચસ્પ પાસું એ છે કે તેમની સૌથી મોટી તાકાત અને તેમની સંભવિત કમજોરી, બંનેનાં મૂળ એક જ છેઃ ટેક્નોલોજી અને ભવિષ્યને લઈને તેમની અસાધારણ સમજ તથા ખુદ પરનો તેમનો ઊંડો વિશ્વાસ. જે વિશ્વાસના બળે તેમણે કમ્પ્યુટિંગનો રસ્તો અપનાવ્યો હતો, એ જ વિશ્વાસને કારણે તેઓ સિંગાપોરની કંપની મેગાસ્પીડની પૂર્વ અધિકારી અને ચીની જાસૂસ એલિસ સાથે સંબંધ બાંધી બેઠા હતા.

કદાચ અસાધારણ બુદ્ધિનો સૌથી મોટો વિરોધાભાસ આ જ છે. નિષ્ફળતા મળે ત્યારે પોતાની ભૂલો પર સવાલ ઉઠાવવાનું પ્રમાણમાં સરળ હોય છે, પરંતુ સફળતા જ્યારે અવિશ્વસનીય હોય ત્યારે પોતાના નિર્ણય પર સંદેહ કરવો સૌથી અઘરો હોય છે. જ્યારે દુનિયા તમારા નિર્ણયોને લઈને વારંવાર તમને પોંખતી હોય ત્યારે પોતાના જ વિચારો પર સવાલો કરવાનું બંધ કરી દેવાનું પ્રલોભન સૌથી શક્તિશાળી બની જાય છે.

બુદ્ધિની અસલી જાળ આ જ છેઃ એમાં સમજદારીથી વિચારવાની ક્ષમતાનો અભાવ નથી હોતો, વાસ્તવમાં ધીરે-ધીરે પોતાની જ બુદ્ધિ પર સવાલો કરવાની ઇચ્છા સમાપ્ત થઈ જાય છે.

એક સામાન્ય વ્યક્તિની સરખામણીમાં બુદ્ધિશાળી વ્યક્તિઓમાં વધુ બ્લાઇન્ડ સ્પોટ હોવાનાં ત્રણ મુખ્ય કારણો છે. એક, હોશિયાર લોકો વધુ પડતા આત્મવિશ્વાસુ હોય છે અને 'મને કોઈની સલાહની જરૂર નથી' એવી વૃત્તિ ધરાવે છે. બે, તેમને હંમેશાં સાચા હોવાની ટેવ પડી ગઈ હોય છે, એટલે તેઓ ભૂલો સ્વીકારી શકતા નથી. અને ત્રણ, તેઓ બીજા લોકોના અભિપ્રાય, સૂચન કે સલાહને નકામી માનતા હોય છે.

એટલા માટે જ મૂર્ખામી બુદ્ધિની વિરોધી નથી, પરંતુ જટિલ સ્થિતિમાં બુદ્ધિનું જ વિકૃત સ્વરૂપ હોય છે.

નહીં તો ભોજનનો માર્ગ હતો...



એવું તો નહીં બને? પછી તેને યાદ આવે છે કે જ્ઞાનેશકુમારના રાજમાં મતદાર યાદીમાંથી નામ નીકળવા માટે કોઈ કારણની જરૂર જ નથી એટલે તે ચિંતા છોડીને નામ લખાવે છે અને કેટલું વેઇટિંગ છે તે પણ જાણવાનો પ્રયત્ન કરે છે

ઘી રજનાં ફળ મીઠાં - એવી કહેવત પ્રચલિત છે, પણ તે 'ફળ'માં રેસ્ટોરાંમાં કરવાના ભોજનનો સમાવેશ થાય કે નહીં, તે તકરારી મુદ્દો છે. સામાન્ય રીતે માણસને રેસ્ટોરાંમાં જતાંવેંત જગ્યા મળી જાય તો તે સ્થિતિ વધારે મીઠી લાગતી હોય છે. ફળની અપેક્ષા વિનાનું કર્મ કરવાનો ગીતાબોધ રાહ જોતી વખતે તેને અકારો લાગે છે. પરંતુ અગાઉના લેખમાં જણાવ્યું હતું તેમ, રેસ્ટોરાંમાં જવું ને રાહ ન જોવી, એ ઘણી વાર રાજકારણમાં રહીને જૂઠું ન બોલવા જેવું અશક્ય નીવડે છે. ખાસ કરીને રજાના કે તહેવારોના દિવસે માણસને જુદાં જુદાં રેસ્ટોરાં વચ્ચે નહીં, પણ ત્યાં લાગેલી લાઇનમાં રાહ જોવાના સમયગાળાની પસંદગી કરવાની હોય, એવું થાય છે. સામાન્ય સંજોગોમાં માણસ કલાક-દોઢ કલાક રાહ જોવાની વાત સાંભળીને જ ઠરી જાય, પણ સરકારોએ લોકોની સહનશક્તિ એવી વધારી મૂકી છે કે લોકોને ગાંઠના (અને ખાસ્સા) રૂપિયા ખર્ચ્યા પછી પણ લાઇનમાં ઊભા રહેવામાં શરમને બદલે કંઈક ગૌરવ લાગે છે. એવા ઠેકાણે જમીને આવ્યા પછી, તેના વર્ણનમાં વાનગીઓનો સ્વાદ કે ગુણવત્તા ગૌણ બની જાય છે (લોકોને ફક્ત રૂપિયા ખર્ચવામાં કીક આવવા લાગી, ત્યારથી અમસ્તાં પણ તે બહુ મહત્ત્વનાં રહ્યાં નથી.) તેને બદલે લાઇનમાં કેટલો સમય ઊભા રહેવું પડ્યું તે વાતમાં મુખ્ય સ્થાન લે છે. માણસ એવું સિદ્ધ કરવા જાય છે, અથવા એવી આશા રાખે છે કે, તે આટલી લાઇન ધરાવતા રેસ્ટોરાંમાં જમ્યો, એટલે રેસ્ટોરાં બહુ ઊંચા માહોલનું હતું.

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

રેસ્ટોરાંમાં રાહ જોવાની પ્રક્રિયામાં ઘણા લોકોને કીડીઓ ચડે છે, પણ શૂરા લોકો સમજે છે કે ઉતાવળે આંબા તો શું, તંદુરી રોટી પણ ન પાકે. સૌથી પહેલાં તે રેસ્ટોરાંમાં પ્રવેશ મેળવે એટલે તેમને થાય છે કે હવે (હોઠ અને પ્યાલાની જેમ) મોં અને કોળિયા વચ્ચેનું અંતર દૂર થવામાં જ છે. પરંતુ ટચુકડું પેડ કે નવા જમાનામાં ટેબ્લેટ લઈને પ્રગટ થયેલો કોઈ જણ એ ભ્રમ દૂર કરે છે અને નામ તથા સંખ્યા નોંધાવવા કહે છે.

જમવા આવેલા જણના મનમાં અનેક અમંગળ કલ્પનાઓ આવે છે. તેને થાય છે, ચૂંટણી પંચ રેસ્ટોરાં સુધી પહોંચી ગયું? અને હું અહીં નામ લખાવીશ તો મતદાર યાદીમાંથી મારું નામ નીકળી જાય. એવું તો નહીં બને? પછી તેને યાદ આવે છે કે જ્ઞાનેશકુમારના રાજમાં મતદાર યાદીમાંથી નામ નીકળવા માટે કોઈ કારણની જરૂર જ નથી એટલે તે ચિંતા છોડીને નામ લખાવે છે અને કેટલું વેઇટિંગ છે તે પણ જાણવાનો પ્રયત્ન કરે છે. પરંતુ ટેબ્લેટધારી જવાબને બદલે ઉત્સાહ જાગે એવી આશા આપે છે. ઘણી વાર તેના મોઢેથી નીકળતાં ઠાલાં, પણ ગળચટ્ટાં વચનો સાંભળીને થાય છે કે આ કામ માટે રેસ્ટોરાંવાળા મોટિવેશનલ સ્પીકરોને તો લાવતા નહીં હોય? અને હજુ સુધી ન લાવતા હોય તેમને લાવવાનું વિચારી શકાય. એમ કરવાથી બાકીના સમાજ પર સરેરાશ મોટિવેશનલ સ્પીકરોનો ત્રાસ થોડો ઓછો થાય તો પણ ઘણું.

ઘડિયાળનો કાંટો ફરતો જાય છે, રાહ જોનારા ઊંચી ડોક કરીને અંદર શું ચાલે છે તેનો ક્યાસ મેળવવાની કોશિશ કરે છે. વચ્ચે ટેબ્લેટધારી બહાર આવતો દેખાય ત્યારે પ્રતીક્ષાર્થીઓને આશા જાગે છે કે નક્કી, હવે તેમનો વારો આવી ગયો ને આ માણસ આપણી સામે જોતો જોતો આવે છે એનો અર્થ કે પ્રતીક્ષા પૂરી થઈ. તપ ફળ્યું. પરંતુ ટેબ્લેટધારી નજીક આવીને સામે પણ જોયા વિના પસાર થઈ જાય ત્યારે બે ઘડી જીવન અસાર લાગે છે ને ક્ષણિક વૈરાગ્ય ઉપજે છે. સ્મશાનવૈરાગ્યની તરાહ પર તેને 'રેસ્ટોરાં-વૈરાગ્ય' કહી શકાય. તેમને થાય છે કે આ તે કંઈ જિંદગી છે? અહીં દોઢ કલાકથી ઊભા છીએ, પેટમાં બોલતાં ગલુડિયાં હવે પૂરા કદનાં કૂતરાં બની ગયાં છે ને આપણી સામે કોઈ જોતું પણ નથી. આપણે ધર્માદામાં જમવા આવ્યા છીએ?

પણ સરકારે લોકોને 2047 સુધી રાહ જોવાની ટેવ પાડી દીધી છે, તેની સરખામણીમાં તો આ બહુ ઓછો સમયગાળો ગણાય. પછી તરત તેને બહાર, રેસ્ટોરાંમાં જમવાની પ્રક્રિયાનો મહિમા, સમાજમાં અને મિત્રવર્તુળમાં તેનું મહત્ત્વ, વાતચીતમાં ટાંકી શકાતા તેના અનુભવથી થતો સંતોષ - આ બધું યાદ આવે છે. એટલે, ક્રાંતિ કરવાના ઇરાદે નીકળેલો માણસ નાકે આવેલા પાનના ગલ્લેથી મીઠું પાન ખાઈને પાછો ફરી જાય, એવી રીતે તે સ્વસ્થ થાય છે અને નજીકના ભવિષ્યની મધુર કલ્પનામાં રાચવા લાગે છે, જ્યારે સામે પ્લેટો પડી હશે, તેમાં ગરમાગરમ, સ્વાદિષ્ટ વાનગીઓ પીરસાતી હશે, હું જમતો હોઈશ અને બહાર બીજા લોકો દોઢ કલાકથી રાહ જોતા હશે...

ખાસ્સી રાહ જોયા પછી આખરે ઇશારો થાય છે કે નામની બૂમ પડે છે ત્યારે સ્વર્ગેથી વિમાન લેવા માટે આવ્યું હોય એવી લાગણી થાય છે. અંદર ગયા પછી સ્થાન ગ્રહણ કરતાં અત્યાર સુધી જોયેલી રાહનો અહેસાસ ભૂલાવવા માટે મન કામે લાગી જાય છે અને હવે પછી કેવી મજા આવશે તેની કલ્પનામાં પડી જાય છે. પરંતુ ઓર્ડર આપ્યા પછી ફરી એક વાર ઘડિયાળની ટીક-ટીક શરૂ થાય અને ભીડને કારણે વાનગી આવતાં વાર લાગે, ત્યારે તેને જીવનનું પરમસત્ય સમજાય છે અને તે 'બેફામ'ના શેરની જેમ વિચારે છેઃ

હે મન, તોય કેટલું થાકી જવું પડ્યું,\
નહીં તો ભોજનનો માર્ગ હતો ઘરથી હોટેલ સુધી.

ઈશિતાનું અલકમલક

ન્યાય માટે અનોખા વેરનાં વળામણાં

અન્યાય સામે માનસિક-આર્થિક- શારીરિક ત્રાસ સામે એક અદનો આદમી ક્યાં સુધી પ્રતિકાર કરી શકે-ટકી શકે?

આ તમારે અલપઝલપ પણ જાણવું હોય તો પંજાબના માણસા જિલ્લાના બુર્જ જન્બાર નામના એક ગામની વાત જાણવી પડે. અહીં દલિત બન્ત સિંહ એના પરિવાર સાથે રહે. બન્ત સિંહ આસપાસના ગામમાં સાઇકલ પર ફરી નકામી ચીજ-વસ્તુ ને ભંગાર લેવા-વેચવાનું કામ કરીને પરિવાર ચલાવે. નિજાનંદી બન્ત સિંહને ગાવાનો શોખ. મોજમાં આવે તો એ પોતાના બુલંદ અવાજમાં લોકગીતો લલકારે. એક વાર ગામના અમીર ગણાતાં પરિવારના ચાર યુવકોએ એની 16 વર્ષની રૂપાળી દીકરી બલજિત પર નિર્મમ બળાત્કાર કર્યો. આસપાસનાં ખેતરોમાં જઈ કામ કરી પેટિયું રળતી આ તેમ જ આજુબાજુના ગામની દલિત છોકરીઓ પર આવા બળાત્કાર થાય એ તો ગામલોકોએ સ્વીકારી લીધેલી સામાન્ય ઘટના હતી પણ બલજિતના પિતા બન્ત સિંહ તો જુદી ખોપડીનો સરદાર હતો. પોલીસ ફરિયાદથી માંડીને એ કોર્ટ સુધી ઝનૂન સાથે લડ્યો. સમયની સાથે એ પૈસેટકે ખુવાર પણ થયો. કેસ પડતો મૂકવા - બળાત્કારના આરોપ-ફરિયાદ પાછા ખેંચી લેવા એને જમીન ઉપરાંત ખાસ્સી રકમની લાલચ મળી પણ બન્ત સિંહ અટલ રહ્યો એટલે એના પર હિંસક હુમલા થયા. એક વાર એ એવો ગંભીર ઘવાયો કે એને જીવાડવા ડોક્ટરોએ એના બંને હાથ તથા એક પગ કાપી નાખવા પડ્યા!





આ દરમિયાન પોતાના બાપની અન્યાય સામેની આ લડતમાં જેના પર બળાત્કાર થયો હતો એ દીકરી બલજિત પણ હિંમતભેર જોડાઈ. ગામેગામે ફરીને ગામલોકોને આપવીતી વર્ણવી - જાગ્રત કર્યા. એક વાર તો એના પર બળાત્કાર કરનારાઓમાંથી બે લંપટ યુવાનને એણે ગામ વચ્ચે રીતસર ફટકાર્યા. બાપ-દીકરીના આ પ્રયત્નોથી ચારેય અમીર બળાત્કારીને આખરે કોર્ટે આજન્મની સજા ફટકારી!

બન્ત સિંહ આજે પણ દલિતો પર થતાં આવા અન્યાય સામે લડે છે. એના હાથ -પગ રહ્યા નથી છતાં ગામેગામ ફરીને દલિત સંપ્રદાયના જ એક જાણીતા ક્રાન્તિકારી કવિ સંતરામ ઉદેશીનાં જોમદાર ગીતો એ પોતાના બુલંદ સ્વરે લલકારીને ગામલોકોને પોરસ ચઢાવે છે. બન્ત સિંહની આવી પ્રેરક કથા નિરુપમા દત્ત નામના એક પત્રકારે 'બેલાડ ઓફ બન્ત સિંહઃ એ કિસ્સા ઓફ કરેજ' નામના પુસ્તકમાં આલેખી છે. આ પુસ્તકના બીજી ભાષામાં અનુવાદ પણ થયા છે. એક ડોક્યુમેટરી પણ બની છે અને ટૂંકમાં એના પરથી એક ફિલ્મ બનવાની તૈયારી પણ થઈ રહી છે.

'બે હાથ અને એક પગ પણ નથી છતાં હજુ પણ આવા અન્યાય સામે લડવાનું ઝનૂન તમારામાં ક્યાંથી આવે છે?'

એવા પ્રશ્નના જવાબમાં બન્ત સિંહ એટલું જ કહે છે : ''મને એ ખબર નથી પણ મારા છેલ્લા શ્વાસ સુધી આવું ઝનૂન મને ઉપરવાળો આપશે જ એવો મને એના પર પૂરેપૂરો વિશ્વાસ છે!''

માત્ર વેર વાળવાનું ઝનૂન કામ નથી કરતું. અન્યાય સામેનો બદલો લેવા માટે ઝનૂનની સાથે મર્દાનગી પણ જોઈએ, જે બન્ત સિંહ પાસે હતું એટલે જ વેર વસૂલી શક્યો. આવા હિંમત-જવાંમર્દીના આ હિમાલયને આપણે સૌએ સાત સલામ કરવી રહી...!

ભાડૂતી સંબંધના ભાગાકાર-ગુણાકાર

પખવાડિયા પહેલાં 'ઈશિતા'એ આપણા પરમ દુશ્મન એવા પાડોશી ચીનની વાત કરી હતી. એક સમાચાર અનુસાર ચીને ગુપચુપ એવું એક ઇન્ટરનેટ વિકસાવ્યું છે જે માત્ર એક જ સેકન્ડમાં ૧૫૦ મૂવી ડાઉનલોડ કરી ટ્રાન્સફર કરી શકે છે અર્થાત આ નવું વિકસિત ઇન્ટરનેટ એવી સુપરસોનિક સ્પીડ ધરાવે છે કે જે ફક્ત એક સેકન્ડમાં ૧૨૦૦ ગીગાબાઇટની રાક્ષસી ઝડપે ડેટા - સામગ્રી ટ્રાન્સફર કરી શકે છે!



હવે વાત કરીએ આપણા બીજા પાડોશી જાપાનની. અહીં ચીન જેવી કોઈ ગુપચુપ હિલચાલની વાત નથી - કોઈ ધોકાબાજી નથી પણ જે છે એ અસલી-નકલી સંબંધોની સોદાબાજીની છે. થોડાં વર્ષથી જાપાન એક નવા જ પ્રકારની કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. આ ઊગતા સૂરજના દેશની યુવાન પેઢી ઝડપથી આથમી રહી છે. ના, આ કામઢા દેશમાં કોઈ દેખીતી આર્થિક કટોકટી નથી પણ જાપાનની કટોકટી સામાજિક છે. વર્ષો પૂર્વે અહીંની પ્રજાએ સ્વૈચ્છિક ફેમિલી પ્લાનિંગ પાળ્યું હતું પરિણામે વસતિ નિયંત્રણ તો થઈ ગયું પરંતુ બીજી તરફ, તબીબી વિજ્ઞાનની પ્રગતિને લીધે ત્યાંના લોકોની આયુ વધવા માંડી. બીજા શબ્દોમાં, જાપાનમાં વૃદ્ધોની સંખ્યા વધવા લાગી એની સરખામણીએ નવી પેઢી - યુવાનોની સંખ્યા ઘટી. છેલ્લા છેલ્લા આંકડા અનુસાર અહીં જાપાની પુરુષની સરેરાશ આયુ ૮૫ વર્ષની છે અને સ્ત્રીની સરેરાશ આયુ છે ૮૭ વર્ષ. આ નવેમ્બર મહિનામાં જ અહીં શતાયુ પહોંચી ગયેલા વૃદ્ધોની સંખ્યા છે ૧૦૭,૬૭૭. બીજા શબ્દોમાં કહો તો શતાયુનો આંક વટાવી જનારા વૃદ્ધઓની સંખ્યા ૧૦ લાખથી વધુ છે!

હવે અહીં ત્રીજી સમસ્યા એ પણ સર્જાઈ કે આજના જાપાની યુવાનો એમની કરિયર-કારકિર્દી આગળ ધપાવવાની ધૂનમાં લગ્ન કરવાનું ટાળે છે. આગળ જતાં એમની ઉંમર વધે પછી ઇચ્છિત જીવનસાથી મળવાનાં ફાંફાં થાય. આને લીધે એક તબક્કે એ એકલતાના શિકાર બને. આ એકલતાના ઉપાયરૂપે જાપાની મનોચિકિત્સકો કામચલાઉ 'વિજાતીય સાથી' શોધવાની સલાહ આપે છે.

આજના જાપાની યુવાનો મેરેજ ટાળવા હવે એવી ગર્લફ્રેન્ડ શોધે છે જે એમની એકલતા ભાંગે. આના કારણે આજે જાપાનમાં 'ગર્લફ્રેન્ડ' પૂરી પાડતી એજન્સીઓનો ધંધો ધમધોકાર જામી ગયો છે. સરકાર માન્ય આવી એજન્સીની વેબસાઇટ પર યુવાનો પોતાની પસંદગીની ગર્લફ્રેન્ડ શોધે છે અને ચોક્કસ ફી આપીને એને બુક કરે છે - ભાડેથી રાખે છે.

સામાન્ય રીતે અહીં ગર્લફ્રેન્ડ ભાડે રાખવાનો ચાર્જ ક્લાકના ૭૦૦૦ યેન (અંદાજિત રૂપિયા ૪૦૦૦) છે પણ એને ઓછામાં ઓછા બે ક્લાક માટે ભાડે રાખવી પડે. હા, કોઈ યુવાન ખાસ દેખાવ-સ્વાભાવની ગર્લફ્રેન્ડ બુક કરવા ઇચ્છતો હોય તો એના માટે વધારાની રકમ પણ આપવી પડે.

જાપાનમાં યુવાનોનો એક વર્ગ એવો પણ છે જેને બાપ-દાદાનો ઘરનો બિઝનેસ છે. કરિયરની ચિંતા કરવાની જરૂર નથી અને મા-બાપ એમને જલદી પરણી જવા દબાણ કરતા હોય તો એવા યુવાનો પણ આ 'રેન્ટ અ ગર્લફ્રેન્ડ' સર્વિસનો લાભ લઈને 'અત્યારે મારો આ યુવતી સાથે પ્રેમસંબંધ છે!' એવું કહીને મેરેજ ટાળે છે.

તમને જો પરિવારના કોઈ સભ્યની ખોટ સાલતી હોય તો અહીં એવી પણ એજન્સીઓ છે, જે માત્ર ગર્લફ્રેન્ડ જ નહીં, ભાઈ-બહેન-કાકા-કાકી અરે, મમ્મી-પપ્પા પણ ભાડે પૂરા પાડી શકે છે! આમ અહીં કહેવાતા સંબંધના નામે 'સબ કુછ ચલતા હૈ..!'

ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» દિવાળી સમયના તહેવારો - ઉત્સવોને કારણે પ્રદૂષણમાં સહેજે વધારો નોંધાતો હોય છે. હમણાંની દિવાળી પછી પ્રદૂષણ વધ્યું છે અને એક તાજા સર્વેક્ષણ અનુસાર દુનિયાનાં ૧૦૦ સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ૯૩ શહેર તો એકલાં આપણા એટલે કે ભારતનાં છે! બીજાં ક્ષેત્રોની ખબર નથી પણ આ ક્ષેત્રમાં આપણે 'વિશ્વગુરુ' જરૂર છીએ!

» અહીં 'ઈશિતા'એ જાપાનમાં વધતાં જતાં વૃધ્ધોની સંખ્યા વિશે વાત કરી. આ જ પ્રકારનો એક સર્વે આપણે ત્યાં પણ થયો છે. 'ટ્રાન્સફર રુરલ ઇન્ડિયા' ના એક સર્વેક્ષણનાં તારણ કહે છે કે ભારતની પ્રજા સમૃદ્ધ બને એ પહેલાં અહીંની વસતિ વૃદ્ધ થઈ જશે. ૨૦૫૦ સુધીમાં દેશમાં ૨૦% ટકા લોકો સીનિયર સિટિઝન હશે. પાંચમાંથી સરેરાશ એક વ્યક્તિ ૬૦થી વધુ આયુની હશે. એ ઉપરાંત ૧૦માંથી ૭ વૃદ્ધ શહેર છોડી ગ્રામીણ વિસ્તારમાં રહેતા હશે.

ઈશિતાની એલચી

જે વ્યક્તિ પોતાનાં કામમાં નિષ્ઠાપૂર્વક મગ્ન રહે છે એણે ભાગ્યે જ નસીબનો વિચાર કરવાની જરૂર પડે છે!!